<u>ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ</u>
<u>મકાન સહાય ચુકવવા બાબત</u>

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક અબડ-૧૦૨૦૧૨-૮૫૫૮૮૯- હ
સચિવાલય, ગાંધીનગર
તારીખ- ૦૧/૦૨/૨૦૧૩

<u>વંચાણે લીધા :</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા: ૦૮-૦૬-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦03-૧303-હ.
(૨) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરનો તા: ૨૦/૦૭/૨૦૧૨ નો પત્ર ક્રમાંક: અજાક/મ/3/૨૦૧૨/3૯૧૫

<u>પ્રસ્તાવનાં:</u>

આમુખમાં દર્શાવેલ ક્રમ (૧) ના ઠરાવના **ફકરા નં 3(૯)** થી નિયત કરવામાં આવેલ લાભાર્થી ફાળા અંગે તથા ફકરા નં – ૪(૨) થી નિયત કરવામાં આવેલ મકાનની ટોચની કિંમતમાં ફેરફાર કરવા બાબતમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના આમુખમાં દર્શાવેલ ક્રમ-(૨) ઉપરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અંગે પુખ્ત વિચારણાને અંતે વિભાગના તા: ૦૮/૦૬/૨૦૦૫ ના ઠરાવમાં નીચે મુજબ સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

# <u>સુધારા ઠરાવ</u>

૧. ઉકત આમુખમાં ક્રમ (૧) માં દર્શાવેલ ઠરાવના ફકરા નં 3(૯) માં ફેરફાર કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

અનુસૂચિત જાતિના ઈસમોને ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય પેટે રૂ! ૪૫,000/- મળવાપાત્ર થાય છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આવાસ યોજના સંબંધિત આઈ.એચ.એસ.ડી.પી. અને બી.એસ.યુ.પી. યોજનામાં ભારત સરકારનો ફાળો તથા રાજ્ય સરકારનો ફાળો તથા લાભાર્થીઓએ કાઢવાના થતા ફરજિયાત ફાળાની રકમ, મકાનની યુનીટ કોસ્ટમાંથી બાદ કરતાં લાભાર્થીને જે રકમ ખરેખર કાઢવાની રહે તે રકમ પરંતુ વધુમાં વધુ ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય પેટે મળવાપાત્ર થતી રૂ! ૪૫,000/- ની રકમ લાભાર્થી ફાળા તરીકે આ વિભાગની ડૉ. આંબેડકર આવાસ યોજનાની ગ્રાન્ટમાંથી ચુકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૨.	ઉકત આમુખમાં ક્રમ (૧) માં દર્શાવેલ ઠરાવના ફકરા નં ૪(૨)માં ફેરફાર કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ફકરા ૩(૯)માં ઉલ્લેખિત સંબંધિત બોર્ડ/એજન્સીની પ્રવર્તમાન યોજના હેઠળ લાભાર્થી મકાન બનાવવા/મકાન ખરીદવા માંગે તેવા કિસ્સામાં સંબંધીત બોર્ડ/એજન્સી મકાનની ટોચની કિંમત નક્કી કરે તે મુજબની તથા ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળના શહેરી વિસ્તારના વ્યક્તિગત લાભાર્થીના કિસ્સામાં ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડ, ગુજરાત હળપતિ અને જમીન વિહોણા ખેત મજુરોનું હાઉસિંગ બોર્ડ, નગરપાલિકાઓ/શહેરી વિકાસ સત્તા મંડળ/ હુડકો ઉપરાંત સરકારી કે સરકાર માન્ય એજન્સી મકાનની ટોચની કિંમત નક્કી કરે તે મુજબની ટોચની કિંમત રહેશે.

આ વિભાગના આમુખમાં ક્રમ-(૧) માં દર્શાવેલ તા: ૦૮-૦૬-૨૦૦૫ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એલ. ઝાલા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીનાં સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી ( સા.ન્યાય અને અધિ.)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીનાં અંગતસચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારી અમદાવાદ/ રાજકોટ.